# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

******************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના હસ્તે સ્વદેશી બનાવટના સમુદ્ર પ્રતાપ જહાજને કોસ્ટ ગાર્ડને સોંપાયું.
2. સર્વોચ્ચ અદાલતે 2020ના દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં ઉમર ખાલિદ અને શરજીલ ઇમામને જામીન આપવાનો ઇનકાર કર્યો.
3. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી નિરીક્ષક સી .મુરુગન પર કરાયેલા ટોળાંના હુમલા અંગેની પોલીસ કાર્યવાહીનો ચૂંટણી પંચે રિપોર્ટ માંગ્યો.
4. વેનેઝુએલા પર અમેરિકાએ કરેલા હુમલા અને રાષ્ટ્રપતિ મદુરાઓની ધરપકડની ચીને કડક શબ્દોમાં ટિકા કરી.
5. ક્રિકેટમાં અંડર નાઇન્ટીન એક દિવસીય શ્રેણીની બીજી મેચમાં ભારતનો આફ્રિકા સામે થોડીવારમાં શરૂ થશે મુકાબલો.

...................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# RAJNATH-SAMUDRA PRATAP

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ગોવામાં ભારતીય કોસ્ટ ગાર્ડ ( ICG) ના પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઇન અને નિર્મિત પ્રદૂષણ નિયંત્રણ જહાજ સમુદ્ર પ્રતાપને કાર્યરત કર્યું.

આ જહાજ દરિયાઈ પ્રદૂષણ નિયંત્રણ નિયમો , દરિયાઈ કાયદા અમલીકરણ, શોધ અને બચાવ કામગીરી અને દેશના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રને સુરક્ષિત રાખવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે.

સમુદ્ર પ્રતાપના કમિશનિંગ સમયે , સંરક્ષણ મંત્રીએ જહાજને દેશના સામૂહિક સંકલ્પ અને દરિયાઈ વિશ્વાસનું પ્રતીક ગણાવ્યું.

## બાઇટ- રાજનાથસિંહ, સંરક્ષણ મંત્રી

. . . . . . . . . .

# KHALID-SC BAIL REFUSED

સર્વોચ્ચ અદાલતે 2020ના દિલ્હી રમખાણોના કાવતરાના કેસમાં ઉમર ખાલિદ અને શરજીલ ઇમામને જામીન આપવાનો ઇનકાર કર્યો છે. સર્વોચ્ચ અદાલતે નોંધ્યું કે, આરોપીઓ સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે.

જોકે, ન્યાયાધીશ અરવિંદ કુમાર અને ન્યાયાધીશ એન.વી. અંજારિયાની બેન્ચે આ કેસમાં પાંચ અન્ય આરોપીઓ ગુલ્ફીશા ફાતિમા, મીરાં હૈદર, શિફા ઉર રહેમાન, સલીમ ખાન અને શાદાબ અહમદને જામીન આપ્યા છે.

કોર્ટે કહ્યું કે UAPA હેઠળ જામીન નકારવા માટેની કાનૂની મર્યાદા ખાલિદ અને ઇમામ પર લાગુ પડે છે. આ કેસ આરોપો સાથે સંબંધિત છે કે આરોપીઓ ફેબ્રુઆરી 2020 માં ઉત્તરપૂર્વ દિલ્હીમાં થયેલા રમખાણોના માસ્ટરમાઇન્ડ હતા, જેમાં નાગરિકતા (સુધારા) કાયદા અને રાષ્ટ્રીય નાગરિક નોંધણી (એનઆરસી) વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન 53 લોકો માર્યા ગયા હતા.

. . . . . . . . .

# EC WB-DGP

પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લામાં મતદાર યાદી નિરીક્ષક સી. મુરુગનની મુલાકાત દરમિયાન ટોળા દ્વારા કરાયેલા હુમલા સંબંધે ચૂંટણી પંચને ગંભીર સુરક્ષા ખામીઓ મળી છે.

ચૂંટણી પંચે પોલીસ મહાનિર્દેશક રાજીવ કુમાર પાસેથી આવતીકાલે સાંજે 5 વાગ્યા સુધીમાં કેસની કાર્યવાહીનો અહેવાલ માંગ્યો છે. પંચે પોલીસ મહાનિર્દેશકને ભવિષ્યમાં સ્થળ નિરીક્ષણ દરમ્યાન મતદાર યાદી નિરીક્ષક સાથે એક વરિષ્ઠ પોલીસ અધિકારીને નિયુક્ત કરવા જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . .

# PM SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , સોમનાથ મંદિર પર છેલ્લા કેટલાક સદીઓથી હુમલાઓ થયા હોવા છતાં , તે ભારતીય સંસ્કૃતિના આત્માના જીવંત ઉદાહરણ તરીકે ગર્વથી ઉભું છે. સોમનાથ મંદિર પર એક હજાર વર્ષ પહેલાં વિદેશી આક્રમણકારો દ્વારા પ્રથમ હુમલો કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "સોમનાથ" શબ્દનો ઉલ્લેખ દેશવાસીઓના હૃદયમાં અપાર હિંમત અને ગર્વની ભાવના જગાડે છે.

(બાઈટ – પીએમ મોદી)

શ્રી મોદીએ જણાવ્યું કે, સોમનાથ મંદિરની વાર્તા માત્ર એક વાર્તા નથી પરંતુ ભારત માતાના અસંખ્ય બાળકોની અતૂટ હિંમતનું પ્રતીક છે જેમણે દેશની સભ્યતા અને સંસ્કૃતિનું રક્ષણ કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સોમનાથમાં હજુ પણ લોકોના મન અને આત્માને જાગૃત કરવાની સમાન શક્તિ છે. તેમજ ભૂતકાળના આક્રમણકારો હવે પવનમાં ઉડી રહેલી ધૂળ જેવા છે , ફક્ત તેમના વિનાશ માટે યાદ કરવામાં આવે છે. તેઓ ઇતિહાસના પાનામાં હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે, જ્યારે સોમનાથ હજુ પણ પ્રકાશના દીવાદાંડી તરીકે અસ્તિત્વ ધરાવે છે.

. . . . . . .

# PM JOSHI WISH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. મુરલી મનોહર જોશીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ ડૉ. જોશીને એક મહાન રાજનેતા , બૌદ્ધિક અને રાષ્ટ્રવાદી ગણાવ્યા. તેમણે કહ્યું કે શિક્ષણ , સંસ્કૃતિ અને દેશના સભ્યતા મૂલ્યોને લોકપ્રિય બનાવવા માટેની તેમની સેવા અને પ્રતિબદ્ધતાએ જાહેર જીવનને સમૃદ્ધ બનાવ્યું છે.

. . . . . . . . . . .

# ASSAM EARTHQUAKE

આસામમાં આજે સવારે 4 વાગીને 14 મિનિટે 5.1ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો. ભૂકંપનું કેન્દ્રબિંદુ મોરીગાંવ જિલ્લા નજીક 50 કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું. મોરીગાંવ અને નજીકના જિલ્લાઓ સહિત મધ્ય આસામના અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા.

જોકે, અત્યાર સુધી જાનમાલના નુકસાન કોઈ અહેવાલ નથી. ભૂકંપના આંચકા પડોશી દેશો ભૂટાન, નેપાળ અને બાંગ્લાદેશમાં પણ અનુભવાયા હતા.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# CHINA-US

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો પર અમેરિકાના પગલાંની ચીને આકરી ટીકા કરી છે. ચીને એકપક્ષીય કાર્યવાહી અને વૈશ્વિક પોલીસમેન અથવા આંતરરાષ્ટ્રીય ન્યાયાધીશ તરીકે કામ કરતા કોઈપણ દેશને ચેતવણી આપી છે.

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ કહ્યું કે, રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ રક્ષણ થવું જોઈએ.બેઇજિંગમાં બોલતા શ્રી વાંગે કહ્યું કે , ચીન યુએન ચાર્ટરને સમર્થન આપવા , સાર્વભૌમત્વનો આદર કરવા અને વાતચીત અને સહયોગ દ્વારા વિવાદોનું નિરાકરણ લાવવાનું સમર્થન કરે છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરોને શનિવારે યુએસ દળો દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને તેઓ અમેરિકન કસ્ટડીમાં છે. વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે પદ સંભાળ્યું છે.

. . . . . . . . . .

# CUBAN-OFFICIALS

ક્યુબા સરકારે જણાવ્યું કે, વેનેઝુએલામાં યુએસ લશ્કરી કાર્યવાહી દરમિયાન 32 ક્યુબાના લશ્કરી અને પોલીસ અધિકારીઓ માર્યા ગયા હતા. તેમાં કહેવામાં આવ્યું હતું કે , અધિકારીઓ એક મિશન પર વેનેઝુએલામાં હતા. ક્યુબા સરકારે ક્યુબાના અધિકારીઓની યાદમાં બે દિવસના શોકની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, કોઈ યુએસ જાનહાનિ થઈ નથી પરંતુ વિરોધી પક્ષે ભારે નુકસાન સ્વીકાર્યું છે.

. . . . . . . .

# UNSC – VENEZUELA

વેનેઝુએલામાં અમેરિકાના ઓપરેશન અંગે ચર્ચા કરવા માટે આજે સયુંકત રાષ્ટ્ર -યુએન સુરક્ષા પરિષદ એક કટોકટી બેઠક યોજશે.

કાઉન્સિલના અસ્થાયી સભ્ય કોલંબિયાની રજૂઆત પર આ બેઠક બોલાવવામાં આવી છે અને તેને કાયમી સભ્યો ચીન અને રશિયાએ ટેકો આપ્યો છે. સેક્રેટરી-જનરલએ વેનેઝુએલામાં અમેરિકાની લશ્કરી કાર્યવાહીને ખતરનાક ઉદાહરણ ગણાવ્યું છે જેના કારણે રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવી હતી.

સયુંકત રાષ્ટ્રએ એક નિવેદનમાં , જણાવ્યું હતું કે સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ ખૂબ જ ચિંતિત છે કે આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમોનું સન્માન કરવામાં આવ્યું નથી.

દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના ઉપરાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને ચેતવણી આપી છે , કે જો તેઓ દેશ માટે અમેરિકી યોજનાઓમાં સહકાર નહીં આપે તો તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

. . . . . . . .

# LALU-DELHI HC

રાષ્ટ્રીય જનતા દળના નેતા લાલુ પ્રસાદ યાદવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર દિલ્હી વડી અદાલતે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન પાસેથી જવાબ માંગ્યો છે. અરજીમાં લાલુએ કથિત IRCTC કૌભાંડમાં તેમના પરના આરોપોને પડકાર્યા છે.

અદાલતે સુનાવણી પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો છે. આ કેસમાં આગામી સુનાવણી 14 ફેબ્રુઆરીએ થશે. ગયા વર્ષે ઓક્ટોબરમાં લાલુ પ્રસાદ યાદવ , તેમની પત્ની રાબડી દેવી , પુત્ર તેજસ્વી યાદવ અને અન્ય 11 લોકો સામે છેતરપિંડી , ગુનાહિત કાવતરું અને ભ્રષ્ટાચારના આરોપો ઘડવામાં આવ્યા હતા.

. . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે દિલ્હી , ચંદીગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ , હરિયાણા, મધ્ય પ્રદેશ, ઓડિશા અને પંજાબમાં આવતીકાલ સુધી ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળના ગંગા કિનારા અને ઉપ-હિમાલયના વિસ્તારો, પૂર્વોત્તરના રાજ્યો, અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આગામી 9મી સુધી હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.દરમ્યાન આજે બિહાર અને ઉત્તરાખંડમાં ઠંડીની સ્થિતિ યથાવત રહેશે.

દરમિયાન, દિલ્હી-**NCR**માં હવાની ગુણવત્તા નબળી શ્રેણીમાં નોંધાઈ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની યાદી અનુસાર આજે સવારે 7 વાગ્યા સુધીમાં દિલ્હીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક -**AQI** 266 નોંધવામાં આવ્યો હતો.

. . . . . . . . .

# U-19 CRICKET

**પુરુષ U-19 ક્રિકેટની બીજી એક દિવસીય મેચમાં આજે ભારત દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ બેનોનીના વિલમોર પાર્ક સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ થોડીવારમાં શરૂ થશે.**

. . . . . . . . . . . .

# AYODHYA - RAM TEMPLE

અયોધ્યામાં શ્રીરામ મંદિરની સંપૂર્ણ સુરક્ષા માટે ચાર કિલોમીટર લાંબી સીમા દિવાલ બનાવવામાં આવી રહી છે.

શ્રી રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું કે , રામ મંદિરની સુરક્ષા સંપૂર્ણપણે અભેદ્ય રહેશે. મંદિર પરિસરની આસપાસ બનાવવામાં આવી રહેલી ચાર કિલોમીટર લાંબી સીમા દિવાલનું બાંધકામ શરૂ થઈ ગયું છે. મંદિરની દેખરેખ અને સુરક્ષા માટે સીમા દિવાલમાં અત્યાધુનિક ઉપકરણો લગાવવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું કે , મંદિર સંકુલની સુરક્ષા માટે ચાર વોચ ટાવર બનાવવામાં આવશે, જેમાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ ઉપકરણો લગાવવામાં આવશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જણાવ્યા મુજબ , આ દિવાલનો હેતુ મંદિર સંકુલની સુરક્ષા વધારવાનો અને તેને એક સુવ્યવસ્થિત ધાર્મિક માળખા તરીકે સ્થાપિત કરવાનો છે.

. . . . . . . .